### પાણીગેટમાં ગટરનું ઢાંકણું તૂટતાં રિક્ષા ખાબકી

# પાણીગેટમાં ગટરનું ઢાંકણું તૂટતાં રિક્ષા ખાબકી, ચાલકનો આબાદ બચાવ



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

સંસ્કારી નગરી વડોદરાના અત્યંત ગીચ અને ધમધમતા પાણીગેટ વિસ્તારમાં મહાનગરપાલિકાની ઘોર બેદરકારીનો વધુ એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. રોડ પરથી પસાર થઈ રહેલી એક પેસેન્જર રિક્ષા અચાનક ગટરનું જર્જરિત અને ક્ષતિગ્રસ્ત ઢાંકણું તૂટી પડતા જ સીધી ગટરમાં ખાબકી હતી. આ ભયાનક દુર્ઘટનામાં રિક્ષાચાલકનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો હતો, પરંતુ આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો અને સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, પાણીગેટ મુખ્ય માર્ગ પરથી દૈનિક ધોરણે હજારો વાહનો અને રાહદારીઓ પસાર થતા હોય છે. દરમિયાન આજે એક રિક્ષાચાલક પોતાની રિક્ષા લઈને અહીંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક ગટરના ઢાંકણા પર રિક્ષાનું વ્હીલ આવતા જ નબળી ગુણવત્તા ધરાવતું ઢાંકણું તૂટી ગયું હતું અને આખી રિક્ષા ઊંડી ગટરમાં જોખમી રીતે નમીને ખાબકી ગઈ હતી. અચાનક બનેલી આ ઘટનાથી ધડાકો થતાં જ આસપાસના વેપારીઓ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદભાગ્યે રિક્ષામાં અન્ય મુસાફરો ન હોવાથી મોટી હોનારત ટળી હતી અને સ્થાનિક લોકોએ તાત્કાલિક ઝાડી-ઝાંખરા તથા દોરડાની મદદથી રિક્ષાચાલકને સલામત રીતે બહાર કાઢી લીધો હતો. આ અકસ્માતને પગલે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાના પ્રી-મોન્સૂન કામગીરીના અને જાળવણીના મોટા-મોટા દાવાઓના ધજાગરા ઉડાવતા જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટરના ઢાંકણાઓ જર્જરિત હાલતમાં છે. આ અંગે સ્થાનિક કાઉન્સિલરો અને પાલિકાના વોર્ડ ઓફિસરને અવારનવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર કાગળ પર જ કામગીરી બતાવીને સંતોષ માનવામાં આવે છે. તે કેટલુ યોગ્ય છે ? તેવી લોકચર્ચાઓ ચાલી છે.

### વડોદરા મહાપાલિકા તંત્ર કામે લાગ્યુ

# ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસે પડેલો ભુવો પુરી દેવાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરમાં નાગરિકોની સુખાકારી અને સલામતીને પ્રાથમિકતા આપીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં પૂર્વ ઝોન હેઠળ આવતા વહીવટી વોર્ડ નં. ૦૬ માં એક રાહતજનક કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, વોર્ડ નં. ૦૬ અંતર્ગત આવતા ગધેડા માર્કેટ ચાર રસ્તાથી સંગમ ચાર રસ્તા તરફ જતા મુખ્ય રસ્તા પર, બિલીપત્ર કોમ્પલેક્ષની સામે અચાનક ભુવો પડી ગયો હોવાની માહિતી સામે આવી હતી. આ વિસ્તારમાં વાહનચાલકો અને રાહદારીઓની ભારે અવર-જવર રહેતી હોવાથી, આ ભુવો ટ્રાફિક અને સલામતી માટે જોખમી સાબિત થઈ શકે તેમ હતો. સમસ્યાની ગંભીરતાને ધ્યાને લઈને વડોદરા મહાનગરપાલિકાના જનસંપર્ક વિભાગ અને સબંધિત વિભાગો દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બાબતની જાણકારી મળતાં જ ડ્રેનેજ પ્રોજેક્ટ શાખાને તાત્કાલિક ધોરણે સાવચેત કરવામાં આવી હતી.

# કોમર્સ ફેકલ્ટીમાં નવી અસેસમેન્ટ સ્કીમ હેઠળ કોમર્સ ક્વિઝ યોજાઈ

એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સ દ્વારા વિદ્યાર્થીઓ માટે જાહેર કરાયેલી નવી અસેસમેન્ટ સ્કીમ અંતર્ગત વર્ષની પ્રથમ પ્રવૃત્તિ તરીકે મેઈન બિલ્ડિંગ ખાતે કોમર્સ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. નવી મૂલ્યાંકન પદ્ધતિ મુજબ વિદ્યાર્થીઓને 10 માર્ક્સ હાજરીના અને 15 માર્ક્સ વર્ષ દરમિયાન યોજાતી આંતરિક પ્રવૃત્તિઓના આપવામાં આવશે. આ જ પદ્ધતિ હેઠળ યોજાયેલી ક્વિઝમાં પ્રથમ વર્ષના આશરે 150 અને ટીવાયના 120 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સયાજીબાગ, ડિ-માર્ટ, વોર્ડ કચેરીઓ સહિતના વિવિધ સ્થળોએથી નાગરિકો મેળવી શકશે નિઃશુલ્ક છોડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨

વડોદરા શહેરમાં હરિયાળીનું પ્રમાણ વધારવા અને પર્યાવરણ સંરક્ષણ અંગે નાગરિકોમાં જનજાગૃતિ લાવવાના હેતુસર વડોદરા મહાનગરપાલિકાની પાર્કસ એન્ડ ગાર્ડન શાખા દ્વારા શહેરમાં વિવિધ સ્થળોએ નાગરિકોને વિવિધ પ્રકારના વૃક્ષો અને નાના છોડનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત પર્યાવરણના જતન અને વૃક્ષારોપણ માટે નાગરિકોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. શહેરના નાગરિકો સરળતાથી છોડ મેળવી શકે તે માટે સયાજીબાગ ગાર્ડન, વાઘોડિયા ડિ-માર્ટ, અકોટા ડિ-માર્ટ, સયાજીપુરા ગાર્ડન, ગોત્રી ગાર્ડન, સરદાર બાગ બગીચા, સરસયાજીનગર ગૃહ, વોર્ડ નં. ૧૯ અને વોર્ડ નં. ૧૦ ની કચેરી તેમજ કંચન ભગત પાલિકા ઉદ્યાન, માંજલપુર ખાતે વિતરણ કેન્દ્રો શરૂ કરાયા છે. મોટી સંખ્યામાં નાગરિકો આ કાર્યક્રમનો લાભ લઈને છોડ મેળવી રહ્યા છે અને પર્યાવરણ સંરક્ષણમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને આ પહેલમાં વધુમાં વધુ જોડાઈને હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી શહેર બનાવીએ.

# ડભોઈ રોડ શાંતિનગર વસાહતમાં ડ્રેનેજ સમસ્યા ઉકેલાતા નાગરિકોને મોટી રાહત



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારી અને આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને વિવિધ વિસ્તારોમાં સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં, વડોદરા મનપાના દક્ષિણ ઝોનના વહીવટી વોર્ડ નં. ૧૬ માં સમાવિષ્ટ ડભોઈ રોડ સ્થિત શાંતિનગર વસાહતમાં ડ્રેનેજ ઉભરાવાની અને ગંદકીની ફરિયાદોના કાયમી નિવારણ માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. માહિતી અનુસાર, આ વિસ્તારમાંથી દૈનિક ધોરણે ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમો દ્વારા ડ્રેનેજ અને સફાઈ સંબંધી ફરિયાદો પ્રાપ્ત થતી હતી. જેની ગંભીર નોંધ લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. વસાહતોમાં ડ્રેનેજ લાઈનોની સમસ્યાના ઝડપી નિકાલ માટે વહીવટી તંત્ર દ્વારા અત્યાધુનિક મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ડ્રેનેજ મશીનહોલની સફાઈ માટે ખાસ 'ડિ-સિલ્ટિંગ મશીન' કામે લગાડવામાં આવ્યું હતું, જેના દ્વારા સોલિડ વેસ્ટ મટીરિયલનો યોગ્ય અને અસરકારક નિકાલ કરવામાં આવ્યો હતો.

# માંજલપુર અને વડસર વિસ્તારની આંગણવાડી ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

વડોદરા : લોકશાહીના મહાપર્વને બિરદાવવા અને નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી માંજલપુર અને વડસર વિસ્તારની આંગણવાડી વર્કર બહેનો દ્વારા વિવિધ આંગણવાડી કેંદ્ર ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન આંગણવાડી બહેનોએ સ્થાનિક મહિલાઓને પોતાના મતાધિકારનું મૂલ્ય અને લોકશાહીમાં એક-એક મતનું મહત્વ અંગે અવગત કર્યા હતા. ઉપસ્થિત તમામ નાગરિકોને કોઈપણ ભય કે લાલચ વગર અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સાથે મળીને મતદાન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌ નાગરિકોએ જાગૃત મતદાર બનીને મતદાન કરી લોકશાહીના આ પર્વમાં સક્રિય ભાગીદારી નોંધાવવા અને દેશના બંધારણને મજબૂત બનાવવાની પોતાની કટિબદ્ધતા દર્શાવી હતી.


## ઓન લાઈન ટેન્ડરીંગ
## માર્ગ અને મકાન વિભાગ
## જાહેર નિવિદા - ૮ સને : ૨૦૨૬ - ૨૭
## ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી રસ્તાની ગેબીયન કામગીરીના એક કામ માટે ઓન લાઈન ટેન્ડર એસબીડી ફોર્મમાં મંગાવવામાં આવે છે.જેની અંદાજીત કિંમત રૂા.૨૪.૧૧ લાખ સુધીની છે

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://rnbtender. nprocure.com પર તા.૨૯.૭.૨૬, ૧૨ : ૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૨૯.૭.૨૬, ૧૮ : ૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોકયુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા.૨૯.૭.૨૬ થી તા.૫.૮.૨૬ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૩૩૦/૨૬)


### સાંસદ ડો. હેમાંગ જોષીની સંસદમાં ઝીરો અવર્સ દરમિયાનની રજૂઆતનો હકારાત્મક પડઘો

# વિશ્વામિત્રી, બામણગામ, જાંબુઆ અને પોર ખાતે બ્રિજ નિર્માણની કામગીરી પૂરી થવાને આરે

**શહેર આસપાસના ભારે વાહનોના ટ્રાફિક નિયમન અને વ્યવસ્થાપનની દિશામાં અત્યંત મહત્વનું પરિણામી પગલું**




(પ્રતિનિધિ ) વડોદરા તા.22

વડોદરા શહેર પાસે વિશ્વામિત્રી, જાંબુઆ, બામણગામ અને પોર ગામે બ્રિજ બનાવવાની કામગીરી હવે પૂરી થવાને આરે આવી છે. આગામી ગણતરીના સમયમાં આ તમામ ચાર બ્રિજની સુવિધા શહેર જિલ્લાના ભારે વાહનોના ચાલકોને ઉપલબ્ધ થશે. શહેર આસપાસના ભારે વાહનોના ટ્રાફિક નિયમન અને વ્યવસ્થાપનની દિશામાં આ અત્યંત મહત્વનું અસરકારક અને પરિણામી પગલું મનાય છે. શહેરના યુવા સાંસદ ડો. હેમાંગ જોષીએ કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ વિભાગના રાજ્યમંત્રી અજય ટમેટાને આ સંદર્ભે સંસદમાં ઝીરો અવર્સ દરમિયાન રજૂઆત કરી હતી. કેન્દ્રીય મંત્રીએ સાંસદ ડો. હેમાંગ જોષીની રજૂઆતનો પ્રતિસાદ આપતા આમ જણાવ્યું હતું. વડોદરાથી ભરુચ તેમજ અંકલેશ્વર પરના રાષ્ટ્રીય ધોરી માર્ગ પર સતત 24 કલાક નાના મોટા વાહનો દોડતા રહે છે. વિવિધ પ્રકારના અનેક ઉદ્યોગોને કારણે ભારે વાહનોની મોટી સંખ્યામાં અવરજવરથી આ રાષ્ટ્રીય ધોરી માર્ગ સતત વ્યસ્ત રહેતો હોય છે. જેના પગલે સંખ્યાબંધ વાર આ મહત્વના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહન વ્યવહારની સમસ્યા સર્જાતી હતી.

સમસ્યાના સત્વરે યોગ્ય અને અસરકારક નિરાકરણના ભાગરૂપે શહેરના યુવા સાંસદ ડો. હેમાંગ જોષીએ કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય વિભાગના રાજ્ય મંત્રી અજય ટમટાને સંસદના સત્રના ઝીરો અવર્સ દરમ્યાન રજૂઆત કરી હતી. રજૂઆત દરમિયાન સાંસદ ડો. હેમાંગ જોષી દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગના અપગ્રેડેશન અને તેની દેખરેખ માટે હાઈવે ઓથોરિટીની સ્થાનિક કચેરી આવશ્યક હોવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. ઝીરો અવર્સ દરમિયાન શહેરના સાંસદની રજૂઆતને પગલે કેન્દ્રીય મંત્રીએ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને તત્કાળ આ મુદ્દા પર નિર્ણાયક કાર્યવાહી કરવા આદેશ ફરમાવ્યો હતો. જેના પગલે વિશ્વામિત્રી, બામણગામ, જાંબુઆ અને પોર ગામ પાસે ટ્રાફિક વ્યવસ્થાપનના ભાગરૂપે બ્રિજ નિર્માણની કામગીરી હવે પૂરી થવાને આરે આવી પહોંચી છે. બ્રિજ નિર્માણની કામગીરી પૂરી થતાં આગામી દિવસોમાં તેની સુવિધા મધ્ય ગુજરાત તેમજ ભરૂચ-અંકલેશ્વર સહિતના ઉદ્યોગો તેમજ ભારે વાહનોના ચાલકોને મળતા વાહન વ્યવહારની સમસ્યાનુ નિરાકરણ આવશે તેવો આશાવાદ સર્જાયો છે.

# સોડગામ પેટ્રોલ પંપ ખાતે પાર્ક કરેલાં બે ડમ્પરમાંથી ડીઝલની ચોરી

ભરૂચ : વાલિયાના સોડગામ પેટ્રોલ પંપ ખાતે પાર્ક કરેલાં બે ડમ્પરમાંથી અજાણ્યા તસ્કરો ડીઝલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ વાલિયાના કોસમાડી ગામે રહેતા આશિષભાઈ વસાવા ટ્રક ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવે છે. આશિષભાઈ અને તેમના સાથી ડ્રાઈવરોએ ગત તા.૧૭ જુલાઈએ રાત્રે પોતાનાં ત્રણ ડમ્પર સોડગામ પેટ્રોલ પંપ પર લોક કરી મૂક્યાં હતાં. બીજા દિવસે સવારે આવીને જોતાં બે ડમ્પર નં.(GJ-16-AU-6136 અને GJ-16-AU-6231)ની ડીઝલ ટાંકીના લોક તૂટેલી હાલતમાં મળ્યા હતા અને ત્રીજા ડમ્પરના લોકમાં ચાવી તૂટેલી હતી.


## ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ

(અગાઉ ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી / તે પહેલાં વિહાન મેડિકેર પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી)

(CIN: L85300GJ2019PLC111559)

રજિસ્ટર્ડ ઓફિસઃ પ્લોટ નં. ૧, સિટી સર્વે નં. ૧૫૩૭/એ, ગોકાક મિલ કમ્પાઉન્ડ, જેતલપુર રોડ, અલ્કાપુરી, વડોદરા - ૩૯૦૦૨૦, ગુજરાત, ભારત. ફોનઃ ૨૬૫-૨૯૮૧૪ ૮૦૦ / +૯૧ ૯૬૮૭૦૭૯૯૯૧

ઇમેઇલઃ info@gujaratsuperspecialityhospital.com / www.gujaratsuperspecialityhospital.com

### પોસ્ટેલ બેલેટની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૪ના નિયમ ૨૦ અને ૨૨ સાથે વંચાણે લેતાં કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("એક્ટ") ની કલમ ૧૦૮ અને ૧૧૦ તથા એક્ટ અને નિયમોની અન્ય લાગુ જોગવાઈઓ, કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA સર્ક્યુલર્સ") દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ (તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦) અને ૧૭/૨૦૨૦ (તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦) તથા અન્ય સંબંધિત પરિપત્રો જેમાં સામાન્ય પરિપત્ર નંબર ૦૯/૨૦૨૪ (તારીખ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪) અને ૦૩/૨૦૨૫ (તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫)નો સમાવેશ થાય છે, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા ("SEBI") દ્વારા સમયાંતરે જારી કરાયેલ પરિપત્રો ("SEBI સર્ક્યુલર્સ"), SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૪૪ ("SEBI લિસ્ટિંગ રેગ્યુલેશન્સ"), ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ જનરલ મીટિંગ્સ પરના સેક્રેટરીયલ સ્ટેન્ડર્ડ ("SS-2") અને અન્ય લાગુ કાયદા, નિયમો અને વિનિયમો (હાલમાં અમલમાં હોય તેવા કોઈ પણ વૈધાનિક સુધારા(ઓ) અથવા પુનઃઅધિનિયમન સહિત) અનુસાર, ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ ("કંપની") તારીખ ૦૯.૦૭.૨૬ ના રોજની પોસ્ટેલ બેલેટ નોટિસ ("નોટિસ")માં દર્શાવેલ નીચે મુજબના ઠરાવને રિમોટ ઇલેક્ટ્રોનિક વોટિંગ ("ઈ-વોટિંગ") દ્વારા પસાર કરવા માટે તેના સભ્યોની મંજૂરી માંગી રહી છેઃ

વિશેષ કામકાજ (SPECIAL BUSINESS)

I) ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ ("IPO")માંથી મળેલ ભંડોળના હેતુઓ / વપરાશની શરતોમાં ફેરફાર.

૧. ઉપર દર્શાવેલ જોગવાઈઓ અને MCA પરિપત્રોના પાલનમાં, નોટિસ, પોસ્ટેલ બેલેટ ફોર્મ્સ અને પ્રી-પેઇડ બિઝનેસ એન્વલપ્સની ભૌતિક નકલો (Physical copies) મોકલવાની જરૂરિયાતમાંથી મુક્તિ આપવામાં આવી છે અને તેથી, નોટિસ ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમથી જ મોકલવામાં આવી છે. વધુમાં, આ નોટિસ બુધવાર, ૨૨.૦૭.૨૦૨૬ ના રોજ એવા સભ્યોને મોકલવામાં આવી છે જેમના ઇમેઇલ સરનામાં કંપની/ ડિપોઝિટરી R&T એજન્ટ પાસે નોંધાયેલા હતા અને જેમના નામ કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૧૭.૦૭.૨૦૨૬ના રોજ સભ્યો/ લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલા છે.

૨. ઉપર જણાવેલ જોગવાઈઓ અનુસાર, શેરધારકોને MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ("MUFG") દ્વારા પૂરી પાડવામાં આવતી ઈ-વોટિંગ સેવાઓ દ્વારા નોટિસમાં દર્શાવેલ ઠરાવ પર ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. ઈ-વોટિંગની સૂચનાઓ સાથેની આ નોટિસ કંપનીની વેબસાઇટ www.gujaratsuperspecialityhospital.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ્સ www.bseindia.com અને www.nseindia.com તથા MUFGની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખના રોજ શેરધારક નથી, તેમણે આ પોસ્ટેલ બેલેટ નોટિસને ફક્ત માહિતીના હેતુ માટે જ ગણવી. રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા માટેની મહત્ત્વની તારીખોનો સારાંશ નીચે મુજબ છેઃ

| | |
|---|---|
| રિમોટ ઈ-વોટિંગ માટે કટ-ઓફ તારીખ | શુક્રવાર, ૧૭.૦૭.૨૦૨૬ |
| રિમોટ ઈ-વોટિંગની શરૂઆત | શુક્રવાર, ૨૪.૦૭.૨૦૨૬ |
| રિમોટ ઈ-વોટિંગનો અંત | શનિવાર, ૨૨.૦૮.૨૦૨૬ |
| રિમોટ ઈ-વોટિંગનું પરિણામ | ૨૫.૦૮.૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં |
| રિમોટ ઈ-વોટિંગ માટે ઇવેન્ટ નંબર | 260443 |

૩. કૃપા કરીને નોંધો કે શનિવાર, ૨૨.૦૮.૨૦૨૬ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યા (IST) પછી રિમોટ ઈ-વોટિંગ માટે MUFG દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય કરવામાં આવશે. ઉક્ત તારીખ અને સમય પછી રિમોટ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.

૪. શેરધારકો માટે રિમોટ ઈ-વોટિંગ કરવાની પદ્ધતિ નોટિસમાં દર્શાવવામાં આવી છે, જે કંપનીની વેબસાઇટ www.gujaratsuperspecialityhospital.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ્સ www.bseindia.com અને www.nseindia.com પર તથા MUFGની વેબસાઇટ પર મૂકવામાં આવી છે.

૫. MUFG ઈ-વોટિંગ સિસ્ટમમાંથી ઈ-વોટિંગ અંગેના કોઈપણ પ્રશ્નો અથવા સમસ્યાઓના કિસ્સામાં, સભ્યો https://instavote.linkintime.co.in પર "Help" વિભાગ હેઠળ શેરધારકો અને ઈ-વોટિંગ માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) જોઈ શકે છે અથવા enotices@in.mpms.mufg.com પર ઇમેઇલ કરી શકે છે અથવા +૯૧ ૨૨૪૯૧૮૬૦૦૦ પર સંપર્ક કરી શકે છે.

૬. ભૌતિક સ્વરૂપમાં (Physical form) શેર ધરાવતા શેરધારકોને પોસ્ટેલ બેલેટની નોટિસનો સંદર્ભ લેવા વિનંતી છે.

૭. ડીમટીરિયલાઇઝ્ડ મોડમાં શેર ધરાવતા શેરધારકોને પણ વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DPs) પાસે ઇમેઇલ સરનામા સહિતની તેમની KYC વિગતો અપડેટ/નોંધણી કરાવે.

૮. કંપનીએ યોગ્ય અને પારદર્શક રીતે ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા પોસ્ટેલ બેલેટનું સંચાલન કરવા માટે સ્ક્રુટિનાઇઝર તરીકે મેસર્સ SPANJ & એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની નિમણૂક કરી છે.

૯. પોસ્ટેલ બેલેટનું પરિણામ મંગળવાર, ૨૫.૦૮.૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે. સ્ક્રુટિનાઇઝરના અહેવાલ સાથેના પરિણામો કંપનીની વેબસાઇટ www.gujaratsuperspecialityhospital.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ્સ www.bseindia.com અને www.nseindia.com તથા MUFGની વેબસાઇટ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ વતી,
સહી/-
સ્થળઃ વડોદરા
તારીખઃ ૨૨.૦૭.૨૦૨૬
પ્રજ્ઞેશ ભારપોડા મેનેજિંગ ડિરેક્ટર DIN: 01033141



## ફોર્મ PAS-1

[કંપનીઝ (પ્રોસ્પેક્ટસ અને સિક્યોરિટીઝનું એલોટમેન્ટ) નિયમો, 2014ના નિયમ 27(1) અને નિયમ 7(2) મુજબ]

જે હેતુઓ માટે પ્રોસ્પેક્ટસ બહાર પાડવામાં આવ્યું હતું તેના ફેરફાર માટેના ખાસ ઠરાવની નોટિસની વિગતો આપતી જાહેરાત

| | |
|---|---|
| કોર્પોરેટ આઇડેન્ટિફિકેશન નંબર (CIN): | L85300GJ2019PLC111559 |
| કંપનીનું નામઃ | ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ |
| રજિસ્ટર્ડ ઓફિસ સરનામુંઃ | પ્લોટ નં.1, સિટી સર્વે નં. 1537/A, ગોકાક મિલ કમ્પાઉન્ડ, જેતલપુર રોડ, અલકાપુરી, વડોદરા - 390020, ગુજરાત, ભારત. |

### જાહેર નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે તારીખ 9 જુલાઈ, 2026ના રોજ પસાર કરાયેલા ઠરાવ દ્વારા, બોર્ડે 24 ડિસેમ્બર, 2025ના રોજ બહાર પાડવામાં આવેલા પ્રોસ્પેક્ટસના હેતુઓ (Objects)માં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રોસ્પેક્ટસ રૂ. 2/-ની ફેસ વેલ્યુ ધરાવતા 2,20,00,000 ઈક્વિટી શેર ઈશ્યુ કરીને રૂ. 114/- પ્રતિ ઈક્વિટી શેરના ભાવે કુલ રૂ. 25,080.00 લાખ એકત્ર કરવા સંબંધિત હતું, જેમાં IPOમાંથી મળેલી રકમનો ઉપયોગ અને ફેરફાર પણ સામેલ હતો. તારીખ 04.07.2026ના રોજ પોસ્ટેડ બેલેટ દ્વારા સભ્યો દ્વારા યોગ્ય રીતે મંજૂર કરવામાં આવ્યો હતો. જોકે, બોર્ડ દ્વારા ધ્યાન પર લેવાયેલી કેટલીક વિસંગતતાઓને કારણે, બોર્ડે સભ્યોને ભલામણ કરવાનું નક્કી કર્યું છે કે 04.07.2026ના રોજ પોસ્ટેડ બેલેટ દ્વારા મંજૂર કરાયેલ ખાસ ઠરાવને રદ કરીને નવો ખાસ ઠરાવ પસાર કરવામાં આવે. બોર્ડ પુષ્ટિ કરે છે કે અગાઉના ઠરાવના આધારે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, અને પરિણામે કંપની અથવા તેના શેરધારકોના કોઈ હિતને પ્રતિકૂળ અસર થઈ નથી. ઉપરોક્તની અનુસૂચિમાં, આથી નોટિસ આપવામાં આવે છે કે સૂચિત ફેરફારની મંજૂરી માટે, પોસ્ટેડ બેલેટ દ્વારા ખાસ ઠરાવ પસાર કરવાનો રહેશે.

આવા ફેરફાર/બદલાવ અંગેની વિગતો નીચે મુજબ છેઃ

1) કરારની શરતોમાં બદલાવની વિગતો (અથવા બદલવાના હેતુઓ):

ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ("IPO")થી પ્રાપ્ત થયેલી રકમ ઉપયોગ કરવાના હેતુઓ/શરતોમાં ફેરફાર વિચારવા અને મંજૂર કરવા બાબતઃ

"કંપની એક્ટ, 2013 ("એક્ટ")ની કલમ 27ની જોગવાઈઓ અને કંપનીઓ (ઇનકોર્પોરેશન) નિયમો, 2014ના નિયમ 32 અને કંપનીઓ (પ્રોસ્પેક્ટસ અને સિક્યોરિટીઝનું એલોટમેન્ટ) નિયમો, 2014 ના નિયમ 7 સાથે વંચાણે લેતાં એક્ટની અન્ય લાગુ પડતી જોગવાઈઓ (જો કોઈ હોય તો), SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 અને SEBI (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2018 ("SEBI ICDR રેગ્યુલેશન્સ")ની લાગુ જોગવાઈઓ (તેમાંના કોઈપણ વૈધાનિક સુધારા અથવા પુનઃઅધિનિયમન સહિત) અને હાલમાં અમલમાં હોય તેવા અન્ય લાગુ પડતા નિયમો, નિયમનો, માર્ગદર્શિકાઓ અને અન્ય વૈધાનિક જોગવાઈઓ અનુસાર, અને અન્ય કોઈ લાગુ મંજૂરીઓ, પરવાનગીઓ અને/અથવા મંજૂરીઓને આધીન અને 04 જુલાઈ, 2026ના રોજ પૂર્ણ થયેલા પોસ્ટલ બેલેટ દ્વારા અગાઉના ઠરાવના અતિક્રમણમાં, કંપનીના રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ ("RoC") અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") પાસે ફાઈલ કરાયેલ તારીખ 24 ડિસેમ્બર 2025ના પ્રોસ્પેક્ટસ ("પ્રોસ્પેક્ટસ")માં જણાવ્યા મુજબ, અને 25 એપ્રિલ, 2026ના રોજ કંપની દ્વારા પૂર્ણ કરવામાં આવેલ પોસ્ટલ બેલેટમાં પસાર કરાયેલા ખાસ ઠરાવ દ્વારા સુધાર્યા મુજબ, ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO)ની આવક ("IPO આવક")ના ઉપયોગના હેતુઓ / શરતોમાં ફેરફાર કરવા માટે અને IPOની આવકના ઉપયોગ માટેની સમયમર્યાદામાં ફેરફાર કરવા માટે કંપનીના શેરધારકોની સંમતિ આપવામાં આવે છેઃ

વધુમાં એવો ઠરાવ કરવામાં આવે છે કે ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO)ની આવક ("IPO આવક")ના ઉપયોગના હેતુઓ / શરતોમાં નીચે મુજબના સૂચિત ફેરફારોને આથી મંજૂરી આપવામાં આવે છે -

| વર્તમાન હેતુ | તારીખ 09.07.2026ના રોજ ન વપરાયેલી બાકી રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| એક નવી સ્થપાયેલી પ્રાઈવેટ કંપની દ્વારા ભરૂચ ખાતે મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ પ્રોજેક્ટના વિકાસ અને સંચાલન સહિત, કંપનીના મુખ્ય IPO હેતુ સાથે સુસંગત હેલ્થકેર વિસ્તરણ. | 25.14 |
| સૂચિત ફેરફાર | |
| વર્તમાન હેતુ | પુનઃફાળવણી પછીની રકમ (રૂ. કરોડમાં) |
| કંપનીના મુખ્ય IPO હેતુ સાથે સુસંગત હેલ્થકેર વિસ્તરણ, જેમાં નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, આધુનિક સાધનોનો ઉમેરો અને પેટાકંપનીઓ (Subsidiaries) તથા પેરન્ટ કંપનીમાં વધુ સુવિધાઓ ઊભી કરવી. | 17.92 |
| બ્લુ ટ્રી ક્લિનિક્સ LLC, દુબઈ, યુ.એ.ઈ.માં 51% હિસ્સો સંપાદિત (Acquisition) કરવો. | 7.22 |

"વધુમાં ઠરાવ કરવામાં આવે છે કે કંપનીના કોઈપણ ડિરેક્ટર, ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર અને કંપની સેક્રેટરીને આ ઠરાવને અમલમાં મૂકવા માટે જરૂરી, યોગ્ય અથવા યોગ્ય જણાય તેવા તમામ કાર્યો અને બાબતો કરવા માટે સત્તા આપવામાં આવે છે."

2) સૂચિત ફેરફારની વિગતોઃ

| હેતુ | વર્ણન |
|---|---|
| 1) કંપનીના મુખ્ય IPO હેતુ સાથે સુસંગત હેલ્થકેર વિસ્તરણ, જેમાં નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, આધુનિક સાધનોનો ઉમેરો અને પેટાકંપનીઓ તથા પેરન્ટ કંપનીમાં વધુ સુવિધાઓ ઊભી કરવી.<br>2) બ્લુ ટ્રી ક્લિનિક્સ LLC, દુબઈ, યુ.એ.ઈ. માં 51% હિસ્સો મેળવવો. | સૂચિત ફેરફાર કંપનીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવા, વિસ્તાર કરવા અને પેટાકંપનીઓ તથા પેરન્ટ કંપનીમાં આધુનિકીકરણ કરવા માટે સક્ષમ બનાવશે જેથી રોકાણ પર વધુ સારો વળતર સુનિશ્ચિત થઈ શકે.<br>કંપનીએ દુબઈ, UAEમાં એક સંસ્થાની ઓળખ કરી છે, જેને હસ્તગત કરવાથી ભૌગોલિક સ્થાનનો વિસ્તાર થશે. આ ઉપરાંત તે આર્થિક રીતે પણ યોગ્ય છે. |

3) ફેરફાર માટેના કારણો/ઔચિત્ય :

1. તમારી કંપનીનું માનવું છે કે નવી સંપૂર્ણ માલિકીની સબ્સિડિયરી સ્થાપવી, મેનેજમેન્ટ માટે નવી ટીમની ભરતી કરવી, તબીબી વ્યાવસાયિકોની ટીમ રાખવી અને ત્યારબાદ બ્રાન્ડ અને ગુડવિલ બનાવવામાં લાંબો સમય લાગશે. આ ઉપરાંત, દૈનિક બાબતોની સંભાળ રાખવા માટે કી મેનેજરીયલ પર્સનલ હોય તેવા સ્થાનિક વ્યક્તિ સાથે ભાગીદારી કરવી જરૂરી બનશે. બીજી બાજુ, ભરૂચ શહેરમાં જ હાલની પેટાકંપનીઓ વર્તમાન ટેકનોલોજી અને સુવિધાઓ સાથે કાર્યરત રહેશે. આ એકમ હાલમાં ભાડાપટ્ટા પરની જગ્યામાં ચાલે છે.
   બોર્ડનો અભિપ્રાય છે કે કંપનીના હાલના કાર્યરત એકમોમાં રોકાણ અને વિસ્તરણ કરવાથી નવું એકમ સ્થાપવાની સરખામણીમાં ઝડપી અને વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે.
   તેથી, ભરૂચમાં મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલ રૂ. 25.14 કરોડની ઉપલબ્ધ રકમમાંથી, બોર્ડ કંપનીની હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત અને વિસ્તારવા માટે રૂ. 17.92 કરોડ વાપરવાનો પ્રસ્તાવ મૂકે છે.
2 .બોર્ડે તારીખ 09.07.2026ના રોજ પસાર કરેલા ઠરાવ દ્વારા રૂ. 19.84 કરોડના મૂલ્યમાં બ્લુ ટ્રી ક્લિનિક્સ LLC, દુબઈ, UAE માં 51% હિસ્સો મેળવવાની મંજૂરી આપી છે. આ ચુકવણી 2 હપ્તામાં કરવામાં આવશે. AEDનો પહેલો હપ્તો રૂ. 10 કરોડની સમકક્ષ "અજાણ્યા એક્વિઝિશન અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ દ્વારા અકાર્બનિક વૃદ્ધિ માટે ભંડાર"માંથી અગાઉથી ચૂકવવામાં આવશે. હાલમાં આ હેતુ હેઠળ રૂ. 12.62 કરોડ ન વપરાયેલા છે. રૂ. 10 કરોડની ચુકવણી પછી, તેની પાસે રૂ. 2.62 કરોડની ન વપરાયેલી રકમ રહેશે.
   બીજા હપ્તા માટે રૂ. 2.62 કરોડની બાકીની રકમનો ઉપયોગ કરવામાં આવશે અને બાકીની રકમ એટલે કે રૂ. 7.22 કરોડ માટે બોર્ડ આ હેતુ ઉમેરવાનો પ્રસ્તાવ મૂકે છે અને તેને આ હેતુ માટે રૂ. 7.22 કરોડ ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

4) કંપનીની નાણાકીય સ્થિતિ પર સૂચિત ફેરફાર/બદલાવની અસરઃ

સૂચિત ફેરફાર ફક્ત IPOમાંથી મળેલી રકમના ન વપરાયેલા ભાગની પુનઃફાળવણી સાથે સંબંધિત છે. સૂચિત પુનઃફાળવણીમાં કોઈ વધારાનું ફંડ એકત્ર કરવાનો સમાવેશ થતો નથી અને તેનાથી કંપનીની કમાણી પર કોઈ તાત્કાલિક ભૌતિક અસર પડશે નહીં. જોકે, નવા હેતુ તરફ આ ભંડોળનો ઉપયોગ IPO ભંડોળના કુશળ ઉપયોગને સક્ષમ કરશે અને કંપનીની નફાકારકતામાં વધારો સુનિશ્ચિત કરશે.

તદનુસાર, સૂચિત ફેરફારથી કંપનીના રોકડ પ્રવાહ પર કોઈ પ્રતિકૂળ અસર થવાની ધારણા નથી અને તે વ્યવસાયના ક્ષેત્રમાં સકારાત્મક યોગદાન આપશે.

5) નવા હેતુઓ સંબંધિત મુખ્ય જોખમી પરિબળો :

વિદેશી હોસ્પિટલો/સુવિધાઓમાં બહુમતી હિસ્સો મેળવવો એ ચોક્કસ જોખમોને આધીન હોઈ શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

1. મંજૂરીઓ, પરમિટ અને લાયસન્સ રદ થવા અથવા આવી મંજૂરીઓની શરતોનું પાલન કરવામાં નિષ્ફળતા;
2. કોર્પોરેટ અને વહીવટી કાર્યોમાં સંકલન કરવામાં મુશ્કેલીઓ આવી શકે છે;
3. સાધનો મેળવવામાં અથવા હાલની અને નવી હોસ્પિટલોમાં ડોક્ટરો અને નર્સો સહિતના આરોગ્યસંભાળ વ્યાવસાયિકોની ભરતી કરવામાં અને જાળવી રાખવામાં મુશ્કેલીઓ;
4. અણધારી કાનૂની, નિયામક, કરાર આધારિત, શ્રમ અથવા અન્ય સમસ્યાઓ;
5. મધ્ય પૂર્વ ક્ષેત્રમાં ભૌગોલિક રાજકીય વિકાસ.

6) સૂચિત ફેરફાર/બદલાવની વિરુદ્ધમાં મતદાન કરનાર ડિરેક્ટરોના નામઃ

સૂચિત ફેરફારના ઠરાવની વિરુદ્ધમાં કંપનીના કોઈપણ ડિરેક્ટરે મતદાન કર્યું નથી.

કોઈપણ રસ ધરાવતી વ્યક્તિ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાંથી અથવા કંપની સેક્રેટરી શ્રીમતી વિશાખા ફડકે પાસેથી અથવા કંપનીની વેબસાઈટ https://www.gujaratkidneysuperspecialityhospital.com/notice પરથી વિગતવાર નિવેદન સાથેના ખાસ ઠરાવની નકલ વિના મૂલ્યે મેળવી શકે છે.

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ વતી,
સહી/-
પ્રજ્ઞેશ ભારપોડા
મેનેજિંગ ડિરેક્ટર
DIN: 01033141

સ્થળઃ વડોદરા
તારીખઃ 22.07.2026



इंडियन बैंक Indian Bank इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

## ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website E-Auction Website

ધી સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનર્ફોસમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 27/08/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ | તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિંમત / ઈએમડી (રૂા.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અઠવા લાઈન્સ, સુરત | (૧) મેસર્સ ફોનિકસ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી/ કરજદાર)<br>(૨) શ્રી જતીન નાકરાણી (ભાગીદાર/કરજદાર/જામીનદાર)<br>(૩) શ્રીમતિ અરૂણા કૈલાશ જૈન (ભાગીદાર/કરજદાર/જામીનદાર/મોર્ગેજર)<br>(૪) શ્રી કૈલાશ જૈન (જામીનદાર/મોર્ગેજર) | રૂા. ૩,૮૯,૧૬,૬૫૬.૮૫ | ૨૪/૦૩/૨૦૨૬ | મિલકતઃ (૧) તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જે ફેક્ટરીની જમીન અને બિલ્ડીંગ,જેનું માપ ૮૦૯૪.૦૦ ચો.મીટર્સ., જે સ્થિત જમીનનો બ્લોક નં. ૬૮૭, રેવન્યુ સર્વે નં. ૪૦૭/૧, મોજે ગામઃ કરમાડી, તાલુકોઃ કરજણ, જિલ્લોઃ વડોદરા, જે શ્રીમતિ અરૂણા કૈલાશ જૈન ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ કરજણ-ઉમજ રોડ, દક્ષિણેઃ પટેલ રમણભાઈ છગનભાઈ ની જમીન, પૂર્વેઃ પટેલ નાગજીભાઈ મોતીભાઈ ની જમીન, પશ્ચિમે : પટેલ કાંતીભાઈ નાગજીભાઈ ની જમીન. | સાંકેતિક | ૩,૨૫,૦૦,૦૦૦/-<br>૩૨,૫૦,૦૦૦/- | IDIB3228764660 | Mr. Ranjith Kumar K (M) 9159196323 |
| | | | | | મિલકતઃ (૨) તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જમીન પ્લોટ નં. ૭૪, વિસ્તાર માપ ૧૬૬.૦૩ ચો.મીટર્સ. જેની સાથે સોસાયટીના કોમન રોડ અને સીઓપી માં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિતની મિલકત જે સ્થિત જમીનનો બ્લોક નં. ૧૩૪, મોજે ગામઃ દંતી, તાલુકોઃ જલાલપોર, જિલ્લોઃ નવસારી. જે મિલકત કૈલાશ મેઘરાજ જૈન ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ ૨૫ ફૂટ રસ્તો, દક્ષિણેઃ બ્લોક નં. ૧૩૮, પૂર્વેઃ સી.ઓ.પી., પશ્ચિમે : પ્લોટ નં. ૭૫. | સાંકેતિક | ૭,૧૫,૦૦૦/-<br>૭૧,૫૦૦/- | IDIB3228764660A | |

બીડ વધારવાની કિંમત રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૩/૦૭/૨૦૨૬ થી ૨૬/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૨૦/૦૮/૨૦૨૫ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction serviceprovider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No.8291220220, email ID: -support.baanknet@psballiance.com and other help line numbersavailable in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd.and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com

સરફેસી એકટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ

(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

તારીખઃ ૨૨/૦૭/૨૦૨૬,
સ્થળઃ સુરત.

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.